FILE NO.FRC/PRO./2024-25/RJT/RJT/182 DT. 03/12/2024

ફી નિયમન સમિતિ,રાજકોટ ઝોન,રાજકોટ,પ્રિન્સિપાલ બંગલો,એ.વી.પી.ટી.આઈ.- સ્ટાફ ક્વાટર્સ કેમ્પસ,
હેમુગઢવી હોલ પાછળ,ટાગોર રોડ,રાજકોટ-360 001
ઈ-મેઈલ-frcrajkotzone@gmail.com

24091103821

શ્રી જી. કે. ભરાડ વિદ્યા મંદિર(CBSE),
રાજકોટ-ભાવનગર હાઈવે,
કસ્તુરબાધામ,
મુ. ત્રંબા,
તા. જી. રાજકોટ – ૩૬૦૦૨૦
**bharadschools@gmail.com**

FEE REGULATORY COMMITTEE GOVT. OF GUJARAT RAJKOT ZONE

ગુજરાત સ્વનિર્ભર શાળા (ફી નિયમન) નિયમો 2017 અન્વયે ફી નક્કી કરતો હુકમ

વંચાણે લીધુંઃ-

(૧) નમુના ૨ માં શ્રી મોહન એજ્યુકેશન & ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત શ્રી જી. કે. ભરાડ વિદ્યા મંદિરની દરખાસ્ત સાથે નીચે પ્રમાણે રજુ કરેલ વિગતો

1. શાળાને લગતી સામાન્ય માહિતી
2. વિદ્યાર્થી-શિક્ષકો-વર્ગોની સંખ્યા,
3. ઇન્ફ્રાસ્ટ્રક્ચર,
4. નાણાકીય માહિતી
5. શાળામાં ચાલતી વિવિધ પ્રકારની પ્રવૃત્તિઓની માહિતી
6. શાળા મંજૂરી હુકમ તેમજ ધોરણ 1-12 ના વર્ગ મંજૂરીનો હુકમ
7. વર્ષ 20-21, 21-22, 22-23નાં ટ્રસ્ટ તથા શાળાના ઓડિટ રિપોર્ટ
8. ટ્રસ્ટનો નોંધણી નો દાખલો, ટ્રસ્ટડીડ
9. ફી નિયમન સમિતિનો વર્ષ 21-22, 22-23, 23-24 નો ફી નિર્ધારણ હુકમ.

## હુકમ

૧. શ્રી મોહન એજ્યુકેશન & ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત શ્રી જી. કે. ભરાડ વિદ્યા મંદિર માં પ્રિ.પ્રાયમરી થી ધોરણ 1 થી 12 સામાન્ય પ્રવાહ તથા વિજ્ઞાન પ્રવાહ અંગ્રેજી માધ્યમના વર્ગો ચાલે છે. શાળાએ પ્રિ.પ્રાયમરી તથા ધોરણ 1-12 ના વર્ષ 24-25, 25-26, 26-27ની ફી નિર્ધારિત કરવા માટે ગુજરાત સ્વનિર્ભર શાળા (ફી નિયમન)

નિયમો 2017 ના નિયમ 6 હેઠળ પ્રિ.પ્રાઇમરી, પ્રાઇમરી, સેકેન્ડરી અને હાયર સેકેન્ડરી વિભાગની દરખાસ્ત રજૂ કરેલ છે.

૨. સંબંધિત પરિબળો અને અધિનિયમ તથા નિયમોની જોગવાઈ ના સંદર્ભમાં શાળા સંચાલક/પ્રતિનિધિએ રજૂ કરેલ પુરાવા અને દસ્તાવેજોના આધારે ફી નિર્ધારણની દરખાસ્ત ચકાસવામાં આવી છે અને તેની પર વિચારણા કરવામાં આવી છે.

૩. સ્વનિર્ભર શાળાના સંચાલકશ્રીને સાંભળ્યા. શાળાએ તમામ વિભાગના હિસાબ એકત્રિત નિભાવેલ છે. તથા શાળાએ વર્ષ 22-23 ના હિસાબો રજુ કરેલ છે, જે ધ્યાને લેવામાં આવેલ છે.

૪. વર્ષ 22-23માં શિક્ષકોની સંખ્યા 15 છે. સ્ટાફની સંખ્યા મુજબ પગારખર્ચ મજરે આપવાપાત્ર છે. શાળા ટ્રસ્ટની માલિકીની બિલ્ડીંગમાં કાર્યરત છે. જેમાં પર્યાપ્ત સુવિધા છે. વિદ્યાર્થીઓની સંખ્યા, સુવિધા તથા શાળા સંચાલકશ્રીની રજૂઆત અન્વયે પગારખર્ચ ઉપરાંતના તમામ ખર્ચ મજરે આપવામાં આવે છે.

૫. વર્ષ 23-24માં પ્રિ.પ્રાયમરી, પ્રાયમરી, સેકેન્ડરી તથા હાયર સેકેન્ડરી વિભાગમાં વિદ્યાર્થીઓની સંખ્યા, કુલ આવક, કુલ ખર્ચ (લાખમાં) તથા સૂચિત ફી નીચે પ્રમાણે છે.

| વિભાગ | માધ્યમ | વિદ્યાર્થીઓ ની સંખ્યા | કુલ ખર્ચ | કુલ આવક |
|---|---|---|---|---|
| pri.primary to 8 | ENG | 211 | 84.73 | 86.73 |
| 9-12(SCI&GEN) | ENG | 58 | | |

FEE REGULATORY COMMITTEE GOVT. OF GUJARAT RAJKOT ZONE

**<u>સૂચિત ફી</u>**

| ધોરણ | માધ્યમ | વર્ષ 24-25 | વર્ષ 25-26 | વર્ષ 26-27 |
|---|---|---|---|---|
| LKG, HKG 1-5 | ENG | 40000 | 42000 | 44000 |
| 5-8 | ENG | 41000 | 43000 | 45000 |
| 9-10 | ENG | 48000 | 50000 | 52000 |
| 11-12(SCI&GEN) | ENG | 51000 | 54000 | 57000 |

૬. વર્ષ 2023-24ની મંજુર ફી નીચે પ્રમાણે છે.

| ધોરણ | માધ્યમ | વર્ષ 23-24 |
|---|---|---|
| LKG, HKG 1-8 | ENG | 38000 |
| 9-10 | ENG | 46000 |
| 11-12(GEN) | ENG | 48200 |

FEE REGULATORY COMMITTEE GOVT OF GUJARAT RAJKOT ZONE

૭. વર્ષ 22-23નો તમામ ખર્ચ માન્ય કરેલ છે. કુલ ખર્ચ આધારિત વિદ્યાર્થીની સંખ્યા પ્રમાણે વિદ્યાર્થીદીઠ ખર્ચ 31,380 જણાય છે. જેમાં બે વર્ષનો વ્યાજબી વધારો, આવશ્યક ફંડની જરૂરિયાત વિગેરે ધ્યાને લેતા શાળાની માંગણી મુજબ ફી મળવાપાત્ર નથી. પરંતુ શાળા સંચાલકથી લેખિત સહમતી તેમજ વિદ્યાથીઓનું હિત ધ્યાને લેતા ગુજરાત સ્વનિર્ભર શાળા નિયમો 2017 ના નિયમ ૭ ના પેટા નિયમો ૩ અને ૪ સાથે વાંચતા સદરૂ અધિનિયમની કલમ 10 મળેલી સત્તાની રુએ તેમજ કલમ 5(2) અન્વયે નીચે મુજબ ફી મંજૂર કરવામાં આવે છે.

<u>પ્રિ.પ્રાયમરી/પ્રાયમરી/સેકેન્ડરી વિભાગ માટેની મંજૂર ફી</u>

| ધોરણ | માધ્યમ | વર્ષ 24-25 | વર્ષ 25-26 | વર્ષ 26-27 |
|---|---|---|---|---|
| LKG, HKG 1-8 | ENG | 38000 | 40000 | 42000 |
| 9-10 | ENG | 46000 | 48500 | 51000 |
| 11-12(SCI&GEN) | ENG | 48200 | 50500 | 53000 |

૮. ઉપરોકત નક્કી કરેલી ફી ગુજરાત સ્વ-નિર્ભર શાળાઓ (ફી નિયમન) અધિનિયમન, સને 2017 ની કલમ–2 (જી) અન્વયે નક્કી કરેલી ફી છે.

૯. હુકમમાં દર્શાવ્યા મુજબ નિયત કરેલ ફી શાળાએ લીધી છે, તે સબબનુ એફિડેવિટ દિન-30 માં અત્રે રજુ કરવાનું રહેશે, તેમજ વધુ વસુલેલ ફી જે વિદ્યાર્થીઓનો અભ્યાસ આગળના વર્ષે ચાલુ રહેલ હોય તેની ત્યાર પછીની મળવાપાત્ર ફી ની સામે મજરે આપેલ છે અને જે વિદ્યાર્થી શાળા છોડી ગયેલ છે તે વિદ્યાર્થી/વાલીને બેન્કિંગ ચેનલથી વધુ વસૂલેલી ફી રિફંડ કરેલ છે તે સબબનુ સોગંદનામું આ હુકમ મળે તેનાં દિન – 30 માં રજુ કરવાનું રહેશે.

ઉપર મુજબની ફી મજરે આપવાના કિસ્સામાં ક્યા વર્ષ ની વસુલવા પાત્ર ફીની સામે કેટલી રકમ મજરે આપી તે અને શાળા છોડી ગયાનાં કિસ્સામાં રિફંડપાત્ર રકમ,

ચેક/ આર.ટી.જી.એસ./ ડી. ડી. નંબર, રકમ બેંકમાંથી ઉપડ્યાની તારીખ આ તમામ વિગતો દરેક વિદ્યાર્થી ના નામ જોગ સી.એ. દ્વારા પ્રમાણિત સ્ટેટમેન્ટ ના સ્વરૂપે રજૂ કરવાની રહેશે અને આ સંપૂર્ણ રકમ ત્યાર પછીના વર્ષના હિસાબોમાં “વસૂલેલી ફી રિફંડ ખાતુ” એવા હેડમાં અલગથી દર્શાવવાનું રહેશે.

આગામી વર્ષમાં આ કચેરીમાં રજૂ કરતી વખતે ઉપર મુજબનું સોગંદનામું અને સી.એ. નું સર્ટીફીકેટ અચૂક રજૂ કરવાનું રહેશે.

૧૦. અત્રેની સમિતિ દ્વારા નિર્ધારિત કરેલ સદર ફી ની વિગતો શાળા દ્વારા ગુજરાતી તથા અંગ્રેજી માધ્યમ એમ બંને ભાષામાં નોટિસ બોર્ડ પર સહેલાઈથી જોઈ શકાય તેવી રીતે તથા શાળાના વેબસાઇટ પર પ્રદર્શિત કરવાની રહેશે.

૧૧. શાળા એક સાથે માત્ર એક સત્રની ફી લઇ શકશે તેનાથી વધુ ફી લેવામાં આવશે તો સ્વનિર્ભર શાળાએ ફી નિયમન અધિનિયમ-2017 ની જોગવાઈ અનુસાર કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

૧૨. નિયત કરેલ ફી સંબંધે સ્પષ્ટતા કરવાની કે આ ફી નામદાર સુપ્રીમ કોર્ટના હુકમને આધિન રહેશે.

૧૩. આ હુકમ થી જો તમે નારાજ હોય તો હુકમ મળ્યાના દિવસ 21 માં ફી રિવિઝન કમિટી, બ્લોક-1, વિંગ બી-1, છઠો માળ, કર્મયોગી ભવન, સેક્ટર – 10 ગાંધીનગર ખાતે ફોર્મ નં. 5 માં જરૂરી આધારો સાથે રૂ.10000 પ્રોસેસ ફી ભર્યાનું અસલ ચલણ જોડી રિવિઝન કરી શકાશે.

**-Sd-**
**P.J. AGRAVAT**
**CHAIRMAN**
**FRC-Rajkot.**

**Certified Copy**
**By order for/**
**On behalf of**
**FRC-Rajkot.**

**V.J.Babariya**
**Education Inspector**
**FRC-Rajkot.**

**નકલ રવાના : મારફત તથા જાણ અને અમલ સારૂં**

1. સંયોજક અને જિલ્લા શિક્ષણાધિકારીશ્રી-ફી નિયમન સમિતિ, રાજકોટ ઝોન, રાજકોટ.
2. સંબંધિત જિલ્લા શિક્ષણાધિકારીશ્રી અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી,
3. ઓફિસ કોપી-ફી નિયમન સમિતિ, રાજકોટ ઝોન, રાજકોટ.